# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SATURDAY** **National News**

**આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.**

********************************************************

1. ભારતે પરોક્ષ અને પ્રત્યક્ષ આયાત પર પ્રતિબંધ લાદીને પાકિસ્તાન સાથે તમામ વેપારી સંબંધો પર પૂર્ણ વિરામ મૂક્યો
2. ભારતના પ્રવાસે આવેલા અંગોલાના રાષ્ટ્રપતિ સાથે પ્રતિનિધિ સ્તરની વાતચિત શરૂ
3. ગોવામાં એક ધાર્મિક કાર્યક્રમ દરમિયાન નાસભાગમાં છ શ્રધ્ધાળુઓના મોત અને 80 ઇજાગ્રસ્ત
4. અરબી સમુદ્રમાંથી ઝડપેલા ભારતના 25 માછીમારોને શ્રીલંકાએ મુક્ત કર્યા
5. આઇ. પી. એલ. ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર આજે સાંજે ચેન્નાઇ સુપર કિંગ્સ સામે ટકરાશે

..........................................................................

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PAKISTAN IMPORT BAN

ભારતે પાકિસ્તાનથી થતી પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે.

વિદેશ વેપાર મહાનિર્દેશાલયે એક સૂચનામાં જણાવ્યું કે, પાકિસ્તાનમાં ઉદ્ભવતા અથવા નિકાસ થતા તમામ માલની પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત અથવા પરિવહન પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવામાં આવશે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રતિબંધ રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર નીતિના હિતમાં લાદવામાં આવ્યો છે. આ પ્રતિબંધમાં કોઈપણ અપવાદ માટે સરકારની મંજૂરીની જરૂર પડશે.

. . . . . . . . . . . . . . . .

# REVISED ANGOLO PRESIDENT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં અંગોલાના રાષ્ટ્રપતિ લોરેન્કો સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી રહ્યા છે. વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધારવા માટે બંને દેશો વચ્ચે અનેક કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. અંગોલાના રાષ્ટ્રપતિ ગઈકાલે ભારતની ત્રણ દિવસીય સત્તાવાર  મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની સાથે ઘણા મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, વ્યાપાર ગૃહો અને મીડિયા સહિત ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં આજે સવારે રાષ્ટ્રપતિ લોરેન્કોનું ઔપચારિક સ્વાગત કર્યું હતું. મીડિયા સાથે વાત કરતા, રાષ્ટ્રપતિ લોરેન્કોએ કહ્યું હતું કે છેલ્લા 38 વર્ષમાં અંગોલાના રાષ્ટ્રપતિની આ પ્રથમ ભારત મુલાકાત છે, તેમણે ભારત અને અંગોલા વચ્ચે મિત્રતા અને સહકારના બંધનને મજબૂત બનાવવા માટે આ મુલાકાતના મહત્વ પર ભાર મૂક્યો.

રાષ્ટ્રપતિ લોરેન્કોએ ભારતના લોકો તરફથી મળેલા ઉષ્માભર્યા અને આતિથ્યપૂર્ણ સ્વાગતની પ્રશંસા વ્યક્ત કરી.

સવારે તેમણે રાષ્ટ્રપતિ લોરેન્કોએ પણ રાજઘાટ ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે સવારે રાષ્ટ્રપતિ લોરેન્કોને મળ્યા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે તેમના અંગોલા સમકક્ષ સાથે ચર્ચા કરશે અને મુલાકાતી મહાનુભાવના માનમાં ભોજન સમારંભનું પણ આયોજન કરશે

. . . . . . . . . . . . . . . .

# VAISHNAW - MEDIA AND ENTERTAINMENT

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, ભારત મીડિયા અને મનોરંજન ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે નેતૃત્વ કરી શકે છે.

તેમણે કહ્યું, ઘણી વૈશ્વિક કંપનીઓએ આ સંદર્ભમાં ભારત સાથે કામ કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે. આજે મુંબઈમાં વેવ્સ સમિટ દરમિયાન ગૂગલ, મેટા અને માઇક્રોસોફ્ટ સહિત સાત વૈશ્વિક કંપનીઓએ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજી સાથે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા.

મુંબઈમાં 400 કરોડ રૂપિયાના ભંડોળ સાથે IICT ની સ્થાપના કરવામાં આવશે. આ પ્રસંગે બોલતા શ્રી વૈષ્ણવે કહ્યું કે, આગામી દિવસોમાં, IICT ને IIT અને IIM ની સમકક્ષ માન્યતા મળશે.

. . . . . . . . . . . . . . . .

# GOA STAMPPED

ગોવામાં, આજે બિચોલીમના શિરગાંવ ગામમાં શ્રી લૈરાઈ જાત્રા ઉત્સવમાં ભાગદોડમાં છ લોકોના મોત થયા હતા અને 80 થી વધુ લોકો ઘાયલ થયા હતા. હજારો ભક્તો મંદિરમાં સદીઓ જૂની ધાર્મિક વિધિમાં ભાગ લેવા પહોંચ્યા હતા ત્યારે આ ઘટના ઘટી હતી. આ ઘટનાના ઇજાગ્રસ્તોને માપુસા જિલ્લા હોસ્પિટલના બિચોલીમ આરોગ્ય કેન્દ્ર અને ગોવા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મુખ્યમંત્રી ડૉ. પ્રમોદ સાવંત માપુસા જિલ્લા હોસ્પિટલમાં ઘાયલોને મળ્યા હતા.

શ્રી સાવંતે આ ઘટના અંગે આ મુજબ જણાવ્યું

–

(બાઇટ: પ્રમોદ સાવંત, મુખ્યમંત્રી, ગોવા)

આ ઘટના અંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . . . . . . .

# PAK FIRING

સૈન્ય અધિકારીના જણાવ્યા અનુસાર, શુક્રવારની મધરાત્રે, પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, ઉરી અને અખનૂર વિસ્તારોમાં નિયંત્રણ રેખા પાર ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાએ મજબૂત જવાબ આપ્યો હતો.

લશ્કરી અધિકારીઓના જણાવ્યા અનુસાર, અગાઉ ગુરૂવારની રાત્રે, પણ પાકિસ્તાની સેનાએ કેન્દ્રશાસિત પ્રદેશ કુપવાડા, બારામુલ્લા, પૂંચ, નૌશેરા અને અખનૂર વિસ્તારોમાં નિયંત્રણ રેખા પર ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાએ તેનો સંયમિત અને યોગ્ય રીતે જવાબ આપ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PM RASHTRIYA BAL PURASKAR

પાંચ થી ૧૮ વર્ષની વયના બાળકો માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર-૨૦૨૫ માટે નામાંકન વર્ષે ૩૧ જુલાઈ સુધી કરી શકાશે.

પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા દર વર્ષે આપવામાં આવતો પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સ્તરનો પુરસ્કાર છે જે બાળકોની અસાધારણ સિદ્ધિઓને માન્યતા આપવા માટે આપવામાં આવે છે. બહાદુરી, સમાજ સેવા, પર્યાવરણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ, અને વિજ્ઞાન અને ટેકનોલોજી સહિતની શ્રેણીઓમાં શ્રેષ્ઠતા દર્શાવી છે.

બધા નામાંકન સત્તાવાર રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ awards.gov.in દ્વારા ઑનલાઇન સબમિટ કરવા આવશ્યક છે. કોઈપણ વ્યક્તિ અથવા સંસ્થા એવોર્ડ માટે અસાધારણ સિદ્ધિઓ ધરાવતા બાળકોને નોમિનેટ કરી શકે છે.

. . . . . . . . . . . . . . .

# FISHERMEN RELEASED

તમિલનાડુના રામેશ્વરમના 25 માછીમારોને શ્રીલંકાની જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

23 ફેબ્રુઆરીના રોજ રામેશ્વરમ નજીક મંડપમમાં માછીમારી કરતી વખતે માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર આંતરરાષ્ટ્રીય સમુદ્રમાં પ્રવેશ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

શ્રીલંકન નૌકાદળ દ્વારા તેમની બોટ પણ જપ્ત કરવામાં આવી હતી. તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિનની અપીલ અને વિદેશ મંત્રાલયના હસ્તક્ષેપ બાદ ગઈકાલે તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. માછીમારોને ભારતીય દૂતાવાસના અધિકારીઓને સોંપવામાં આવ્યા હતા. બાદમાં તેમને ફ્લાઇટ દ્વારા ચેન્નાઈ મોકલવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# FISHERMEN ATTACK

આજે સવારે નાગપટ્ટિનમના ઓગણીસ માછીમારો પર શ્રીલંકાના ચાંચિયાઓએ કથિત રીતે હુમલો કર્યો હતો. તમિલનાડુના નાગપટ્ટિનમ જિલ્લાના અક્કરાઈપેટ્ટાઈના માછીમારો કોડીક્કરાઈ નજીક માછીમારી કરી રહ્યા હતા, ત્યારે આ ઘટના બની હતી. હુમલા બાદ માછીમારો કિનારા પર પહોંચ્યા હતા અને કહ્યું કે તેમની માછીમારીની જાળી સાથે તેમની લગભગ 20 લાખ રૂપિયાની કિંમતની માછલીને બળજબરીથી લઈ ગયા છે.

ઘાયલ થયેલા માછીમારોને સારવાર માટે નાગપટ્ટિનમની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. માછીમારોના સંગઠનોએ કેન્દ્ર અને રાજ્ય સરકારને આ મુદ્દે શ્રીલંકા સરકાર સમક્ષ યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

. . . . . . . . . . . . . . . .

# WORLD PRESS DAY

આજે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ પ્રેસની સ્વતંત્રતાની તરફેણમાં પહેલને પ્રોત્સાહિત કરવા અને વિકસાવવા અને વિશ્વભરમાં પ્રેસની સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઇ રહી છે.

આ વર્ષે  નવી દુનિયામાં સાહસિક રિપોર્ટિંગની થીમ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. પત્રકારત્વ, મીડિયા અને પ્રેસની સ્વતંત્રતામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ વધી રહ્યો છે. નવીન તકોની સાથે-સાથે ગંભીર પડકારો બંને રજૂ કરે છે.

. . . . . . . . . . . . . . . .

# DAY IPL CRICKET

IPL ક્રિકેટમાં યજમાન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર આજે બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ટકરાશે. આ મેચ રાત્રે 07:30 વાગ્યે શરૂ થવાની છે.

ગઈકાલે યજમાન ગુજરાત ટાઇટન્સે અમદાવાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદને 38 રનથી હરાવ્યું હતું. આ જીત સાથે ગુજરાત ટાઇટન્સ પોઇન્ટ ટેબલમાં બીજા ક્રમે પહોંચ્યુ હતું.

. . . . . . . . . . . . . . . .

# AUS ELECTION

ઓસ્ટ્રેલિયામાં દેશની 48મી સંસદના સભ્યોની પસંદગી માટે મતદાન ચાલી રહ્યું છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ 150 બેઠકો અને સેનેટની

76 બેઠકોમાંથી 40 બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. મતદાન ભારતીય માનક સમય મુજબ સવારે લગભગ 03:30 વાગ્યે શરૂ થયું હતું અને આજે બપોરે 2.30 વાગ્યા સુધી ચાલશે.

. . . . . . . . . . . . . . . .